ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૧/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી રીન્કુબેન નારણભાઈ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી રીન્કુબેન નારણભાઈની તા.૧૫/૦૩/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૨૭૫૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૨૧/૦૪/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૧.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૫,તા.૨૮/૦૪/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૯, તા.૩૦/૦૪/૨૦૨૫.

અરજદાર શ્રી રીન્કુબેન નારણભાઈની મુળ આઈ.ડી.નં.૨૭૫૪,તા.૧૫/૦૩/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૨૭૫૪,તા.૧૭/૦૩/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૦૫૫ થી નોંધાયેલ છે. અરજદારે તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૩૪ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " I AM NOT SAITISFIED WITH THESE ANSWER " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૪/૦૬/૨૦૧૯ ના રોજ પી.આર.ઓ. નં. ૮૩માં આપવામાં આવેલ આસી.ઈજનેર(કોમ્પ્યુટર) ની ભરતી બાબતે પર્સનલ ઈન્ટરવ્યુ કયારે લેવામાં આવશે તેમજ કયા કારણસર હજુ પર્સનલ ઈન્ટરવ્યુ યોજાયેલ નથી વિગેરે માહિતીની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૫૩, તા.૨૧/૦૩/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૨૫,તા.૨૮/૦૪/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૯,તા.૩૦/૦૪/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૫/૦૩/૨૦૨૫ની આઈ.ડી.નં.૨૭૫૪ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે " આસી.ઈજનેર(કોમ્પ્યુટર)ની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોય, માહિતી અધિકાર અધિનિયમ– ૨૦૦૫ ની કલમ–૮ (૧) (ટ) મુજબ માહિતી આપી શકાય નહિ. " એમ જણાવવામા આવેલ છે.

## હુકમ

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. અરજદારશ્રી રીન્કુબેન નારણભાઈની તા.૨૧/૦૪/૨૦૨૫ પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારશ્રી હાજર રહેલ છે. અપીલ અધિકારી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને આસી ઈજનેર (કોમ્પ્યુટર)ની ભરતી અંગે માહિતીની સમજ આપવામાં આવેલ છે, તેમજ સદર ભરતી પ્રક્રિયા આગળ વધતા ઉમેદવારોને જાણ કરવામાં આવશે. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૬૧
સુરત. તા.૦૫/૦૫/૨૦૨૫

(ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી રીન્કુબેન નારણભાઈ, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૨/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** ડાં.સાધના કેશવ હિંગોળાની
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર ડાં.સાધના કેશવ હિંગોળાની તા.૧૩/૦૫/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૧૪૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૩૦/૦૫/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૨.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૬,તા.૦૪/૦૬/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૭, તા.૦૪/૦૬/૨૦૨૫.

અરજદાર ડાં.સાધના કેશવ હિંગોળાની મુળ આઈ.ડી.નં.૧૪૬,તા.૧૩/૦૫/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૧૪૬,તા.૧૪/૦૫/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૯૦ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨, તા.૨૬/૦૫/૨૦૨૫ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૫૨૨ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " મારા ધ્વારા તા.૧૩/૦૫/૨૦૨૫ની રજુઆતથી માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રી(રીક્રુટમેન્ટ) ધ્વારા તા.૨૬/૦૫/૨૦૨૫ ના પત્રથી મુદ્દા નં. ૧ થી ૯ માં માંગવામા આવેલ માહિતી અત્રેના અધિકારક્ષેત્રને સ્પર્શતી ન હોય અત્રેના વિભાગની માહિતી નીલ છે એ મુજબનો જવાબ આપેલ છે જે મળેલ જવાબ તદ્દન હકીકતથી વિરુધ્ધ છે કારણ કે સ્મીમેર કોલેજ – હોસ્પિટલ ખાતે થતી રીક્રુટમેન્ટની તમામ કામગીરી અને નિર્ણયો રીક્રુટમેન્ટ વિભાગ,સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ધ્વારા કરવામાં આવતા હોય છે. જેથી અમો ધ્વારા તા.૧૩/૦૫/૨૦૨૫ ની રજુઆતના મુદ્દા નં.૨ થી માંગવામાં આવેલ માહિતી સીધી રીતે આ કચેરીને લાગુ પડે છે. જે માહિતી મને ન આપી અયોગ્ય જવાબ પાઠવેલ છે. જો આ માહિતી અને મારી રજુઆતના અન્ય મુદ્દાઓની માહિતી કોના અધિકારક્ષેત્રને લાગુ પડે છે તે જા.મા.અ.શ્રી ધ્વારા જણાવેલ નથી કે ત્યાં તબદીલ કરવામાં આવેલ ન હોવાનુ જણાય છે. જાહેર માહિતી અધિકારીશ્રીએ જવાબી પત્રમાં સહી કરનારમાં તેમનું નામ જણાવેલ નથી જે નિયમોનુસાર જણાવવાનું હોય છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા ટયુટરની ભરતી તેમજ પ્રમોશનને લાગત

માહિતીની '' માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨, તા.૨૬/૦૫/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૨૫૬,તા.૦૪/૦૬/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૭,તા.૦૪/૦૬/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૩/૦૫/૨૦૨૫ની આઈ.ડી.નં.૧૪૬ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે '' મુદ્દા નં. ૧ થી ૯ માં માંગવામાં આવેલ માહિતી અત્રેના અધિકારક્ષેત્રને સ્પર્શતી ન હોય અત્રેના વિભાગની માહિતી નીલ છે. '' એમ જણાવવામા આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૨૬૫,તા.૦૬/૦૬/૨૦૨૫ થી અરજદારશ્રીને તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીએ સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારી સમક્ષ મૂળ આઈ.ડી.માં માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલ અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી જે તા.૧૩/૦૩/૨૦૦૯ નો સિલેકશન કમિટિનો રીપોર્ટની માંગણી કરવામાં આવેલ છે. જે અરજદારશ્રીને આપવા જણાવેલ છે, તેમજ અત્રે કરવામાં આવતી ભરતીપ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે.સદર સુનાવણી કર્યા અંગેની રોજકામની નકલ અરજદારશ્રીને આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ડૉ.સાધના કેશવ હિંગોળાની તા.૩૦/૦૫/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીએ સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારી સમક્ષ મૂળ આઈ.ડી.માં માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલ અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી જે તા.૧૩/૦૩/૨૦૦૯ નો સિલેકશન કમિટિનો રીપોર્ટની માંગણી કરવામાં આવેલ છે. જે કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પર જરૂરી ચકાસણી કરી દિન –૭ માં વિના મૂલ્યે પુરા પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. તદુપરાંત અરજદારશ્રીને મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ વિભાગ)ધ્વારા કરવામાં આવતી ભરતી પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે. આમ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૩૦૧
સુરત. તા. ૧૭/૦૬/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) ડૉ.સાધના કેશવ હિંગોળાની, પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં.ઈ– સરકાર/૦૧/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી ચિરાગભાઈ વલ્લભભાઈ વાંકડી
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી ચિરાગભાઈ વલ્લભભાઈ વાંકડીની તા.૧૮/૦૬/૨૦૨૫ ઈ–સરકાર પોર્ટલ ઉપર પ્રથમ અપીલ નં.૦૧૪૭/ આર.એફ.એ./૦૬/૨૦૨૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૫ ની ઈ–સરકાર Request No.0497/RTI/05/2025 તા.૧૬/૦૫/૨૦૨૫ અરજી અન્વયે અત્રેના વિભાગમાં તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ ઈ–સરકાર પોર્ટલ પર પ્રથમ અપીલ અરજી મળેલ, અપીલ અરજી નં.૦૧.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૨૫,તા.૨૧/૦૬/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૭, તા.૨૫/૦૬/૨૦૨૫.

અરજદાર શ્રી ચિરાગભાઈ વલ્લભભાઈ વાંકડીની ઈ–સરકાર પોર્ટલ પર રીકવેસ્ટ નં.૦૪૯૭/ આર.ટી.આઈ. /૦૫/૨૦૨૫, નં.૦૪૯૮/આર.ટી.આઈ./૦૫/૨૦૨૫,નં.૦૪૯૯/આર.ટી.આઈ./૦૫/૨૦૨૫, નં.૫૦૦/આર.ટી.આઈ./ ૦૫/૨૦૨૫ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, આર.ટી. આઈ. સેલના પત્ર નં.આર.ટી.આઈ./૪૬ તા.૧૭/૦૫/૨૦૨૫ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ) માં માહિતી પુરી પાડવા સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. જે પૈકી રીકવેસ્ટ નં.૦૪૯૮/આર.ટી.આઈ./૦૫/૨૦૨૫, નં.૦૪૯૯/ આર.ટી.આઈ. /૦૫ / ૨૦૨૫, નં.૫૦૦/આર.ટી.આઈ./૦૫/૨૦૨૫ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોય નિયત નમુના–ઘ પત્રનં. જીએડી/ઈએસટી/આર/૨૧૦ તા.૨૦/૦૫/૨૦૨૫ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે અને અત્રેના વિભાગને લાગત નં.૦૪૯૭/આર.ટી.આઈ./૦૫/૨૦૨૫ બાબતે માંગવામાં આવેલ માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૨૫૩ તા.૦૨/૦૬/૨૦૨૫થી પૂર્તતા પાઠવવામાં આવેલ. સદર અરજદારે તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ખાતે પ્રથમ અપીલ ઈ–સરકાર પોર્ટલ ઉપર અપીલ નં.૦૧૪૭/ આર.એફ.એ. / ૦૬/૨૦૨૫ થી કરવામાં આવેલ છે, સદર અરજી આર.ટી.આઈ.સેલના પત્ર નં.૭૮ તા.૧૯/૦૬/૨૦૨૫ થી તબદીલ કરવામાં આવેલ છે. જે તા.૧૯/૦૬/૨૦૨૫ના રોજ અત્રેના વિભાગને મળેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " સુરત મહાનગરપાલિકા દ્વારા પી.આર.ઓ.૧૮૯ તારીખ ૦૧ ૦૭ ૨૦૨૩ ના રોજ વિવિધ કેડરોની ખાલી રહેલ જગ્યાઓ ભરવા જાહેરાત આપેલ જે આ સાથે સામેલ છે જે મુજબ કોડ ૧૯૬ એન્વાયરમેન્ટ એન્જિનિયરની કુલ ૪ જગાઓ દર્શાવેલ છે જે મુજબ આજે એ જાહેરાતને અંદાજે ૨૨ મહિના જેટલો સમય થઈ ગયેલ જેથી આ ભરતી બાબતની અદ્યતન પરિસ્થિતિ વિષે માહિતી આપવા વિનંતી." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા પીઆરઓ–૧૮૯ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ જાહેરાતમાં એન્વાયરમેન્ટ એન્જીનિયરની ભરતીને લાગત માહિતીની " માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૩, તા.૦૨/૦૬/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૨૫, તા.૨૧/૦૬/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૭,તા.૨૫/૦૬/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૬/૦૫/૨૦૨૫ના રોજ માંગવામાં આવેલ માહિતી બાબતે " પી.આર.ઓ.૧૮૯ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ જાહેરાતમાં કોડ–૧૯૬ એન્વાયરમેન્ટ એન્જિનીયરની ભરતી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ છે. " એમ જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદારશ્રી શ્રી ચિરાગભાઈ વલ્લભભાઈ વાંકડીની તા.૧૮/૦૬/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મળેલ છે. પી.આર.ઓ./૧૮૯,તા.૦૧/૦૭/૨૦૨૩ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ એન્વાયરમેન્ટ એન્જિનીયરની જગ્યા માટે તા.૨૬/૧૦/૨૦૨૩ અને તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશન કરવામાં આવેલ, જે સ્ક્રુટીની કામગીરી પણ પૂર્ણ થયેલ છે.માન્ય થયેલ ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આર) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૩૫૦
સુરત. તા. ૦૧/૦૭/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી ચિરાગભાઈ વલ્લભભાઈ વાંકડી પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૩/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી અરવિંદભાઈ એમ.વાઢેળ
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી અરવિંદભાઈ એમ.વાઢેળની તા.૦૭/૦૫/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૧૧૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૭/૦૭/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૦૭/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૩.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૮૯,તા.૧૦/૦૭/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૦, તા.૧૦/૦૭/૨૦૨૫.

અરજદાર શ્રી અરવિંદભાઈ એમ.વાઢેળની મુળ આઈ.ડી.નં.૧૧૮,તા.૦૭/૦૫/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૧૮,તા.૦૮/૦૫/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૩૧૭ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી મધ્યસ્થ મહેકમ અને મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને લાગત હોય નિયત નમુના–ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૯૭,તા.૧૩/૦૫/૨૦૨૫ થી અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે.સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૨, તા.૦૨/૦૬/૨૦૨૫ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે,જે તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૯૫૬ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " અત્રેના વિભગના રેકર્ડ મુજબ વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૮માં ચોથા વર્ગની ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ નથી તેમજ ૨૦૧૮માં ચોથા વર્ગની ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ નથી.તેમજ સુરત મહાનગરપાલિકાની તમામ વર્ગના કેડરોની લાયકાત બાબતનો ઠરવા અંગેની કાર્યવાહી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવેલ નથી. " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૮ માં ચોથા વર્ગની ભરતી કરવામાં આવેલ તેના ઠરાવની નકલ અને કેટલા ધોરણ સુધી ભરતી કરવામાં આવેલ છે તેના ઠરાવની નકલ,વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૮ની ભરતી કરવામાં આવેલ કેટલા ઉમેદવારોને ફોર્મ ભરવામાં આવેલ છે અને કેટલા ઉમેદવારોના ફોર્મ રીજેકટ કરવામાં આવેલ છે તેઓના નામ તથા અભ્યાસક્રમ વિગતવાર માહિતીની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૫૨, તા.૦૨/૦૬/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૩૮૯,તા.૧૦/૦૭/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૦,તા.૧૦/૦૭/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૭/૦૫/૨૦૨૫ની આઈ.ડી.નં.૧૧૮ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે " અત્રેના વિભાગના રેકર્ડ મુજબ વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૮ માં ચોથા વર્ગની ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ નથી. તેમજ સુરત મહાનગરપાલિકાની તમામ વર્ગના કેડરોની લાયકાત બાબતનો ઠરાવ અંગેની કાર્યવાહી અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવતી નથી. " એમ જણાવવામા આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૪૧૧,તા.૧૬/૦૭/૨૦૨૫ થી અરજદારશ્રીને તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીને સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારી સમક્ષ મૂળ આઈ.ડી.માં માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ.એકટ મુજબ આપી શકાય તેમ નથી. એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રીની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી અરવિંદભાઈ એમ.વાઢેળની તા.૦૭/૦૭/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રી તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીને સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારી સમક્ષ મૂળ આઈ.ડી.માં માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ.એકટ મુજબ આપી શકાય તેમ નથી. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૪૨૮
સુરત. તા.૨૩/૦૭/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી અરવિંદભાઈ એમ.વાઢેળ પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૪/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલા
**સામાવાળા :–** ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલાની તા.૦૨/૦૭/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૨૯૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૧૧/૦૮/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૪.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૮૨,તા.૧૪/૦૮/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૦૭, તા.૨૧/૦૮/૨૦૨૫.

અરજદાર શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલાની મુળ આઈ.ડી.નં.૨૯૨,તા.૦૨/૦૭/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૯૨,તા.૦૪/૦૭/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૯૪૮ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૧૯, તા.૧૮/૦૭/૨૦૨૫ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૧૧/૦૮/૨૦૨૫ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૫૩,તા.૧૨/૦૮/૨૦૨૫ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે જે તા. ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૧૨૧૧ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારીના તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજના નિર્ણયથી નારાજ હોવાથી" એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " (કોડ – ૯૭૧) સફાઈ કામદારની જગ્યા માટે સ્ટાફ સીલેકશન સમિતિની મીનીટસ અનુસંધાને તા. ૨૨/૧૦/૨૦૧૮ થી તા.૦૧/૧૧/૨૦૧૮ કુલ ૧૯૬૪૮ ઉમેદવારોની પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવેલ ટેસ્ટ આપનાર ઉમેદવારોએ મેળવેલ ગુણની અને મેરીટ મુજબ ગુણની માહિતીની" માંગણી કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૧૯, તા.૧૮/૦૭/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૪૮૨,તા.૧૪/૦૮/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૦૭,તા.૨૧/૦૮/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૦૨/૦૭/૨૦૨૫ની આઈ.ડી.નં.૨૯૨ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ

માહિતી બાબતે " માંગવામાં આવેલ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય તેમજ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડી શકાય નહી. " એમ જણાવવામા આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૫૧૦,તા.૨૧/૦૮/૨૦૨૫ થી અરજદારશ્રીને તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રી સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી, જાહેર માહિતી અધિકારી સમક્ષ " ગુજરાત માહિતી આયોગના અપીલ નં. અ–૧૩૨૨–૨૦૨૫ની સુનાવણી તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ આયોગ સમક્ષ રાખવામાં આવેલ.જેમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ સફાઈ કામદારની પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી પેનડ્રાઈવમાં આપવા જણાવેલ. જેનો હુકમ આજદિન સુધી મળેલ નથી. એમ જણાવવામાં આવેલ જે બાબતે અત્રથી અરજદારશ્રીને તેઓ ધ્વારા મૂળ આઈ.ડી.૨૯૨,તા.૦૨/૦૭/૨૦૨૫ અન્વયે તા.૧૧/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ અપીલ નં.૪ અન્વયે તેઓને તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સાભળતા તેઓને ૦૩ ઝોનની માહિતીની જરૂરિયાત હોય અપીલ નં. અ–૧૩૨૨–૨૦૨૫ ના હુકમ મળ્યેથી તેઓને સદર –૩ ઝોન સહિત તમામ ૭ ઝોનની માહિતી આપવામાં આવશે. જે બાબતે સમજ આપવામાં આવેલ છે" એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રીની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. અરજદારશ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલાની તા.૧૧/૦૮/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રીને તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જે મુજબ અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીની નમુના–કની અરજીના સરખા પ્રકારના કિસ્સામાં તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ ગુજરાત માહિતી આયોગના અપીલ નં. અ–૧૩૨૨–૨૦૨૫ની સુનાવણી આયોગ સમક્ષ રાખવામાં આવેલ. જેમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ સફાઈ કામદારની પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી પેનડ્રાઈવમાં આપવા આયોગ ધ્વારા જણાવવામાં આવેલ જેનો હુકમ આજદિન સુધી મળેલ નથી. આમ, અરજદારશ્રીને તેઓ ધ્વારા મૂળ આઈ.ડી.૨૯૨,તા.૦૨/૦૭/૨૦૨૫ અન્વયે તા.૧૧/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ અપીલ નં.૪ અન્વયે સુનાવણીમાં જણાવવામાં આવેલ ૦૩ ઝોનની માહિતીની જરૂરિયાત હોય અપીલ નં.અ–૧૩૨૨–૨૦૨૫નો હુકમ મળ્યેથી માંગવામાં આવેલ ૩ ઝોન સહિત તમામ ૭ ઝોનની માહિતી આપી શકાય એમ હોય, સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૫૬૦
સુરત. તા.૦૮/૦૯/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી દિનેશભાઈ લાલજીભાઈ વાઘેલા પ્રતિ.....જાણ સારૂ.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૫/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી અમિતકુમાર ઈશ્વરભાઈ પટેલ
**સામાવાળા** :– સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી અમિતકુમાર ઈશ્વરભાઈ પટેલની તા.૦૨/૦૮/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૩૫૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૩૦/૦૯/૨૦૨૫ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૩૦/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૫.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪૯,તા.૦૬/૧૦/૨૦૨૫.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૭, તા.૦૭/૧૦/૨૦૨૫.

અરજદાર શ્રી અમિતકુમાર ઈશ્વરભાઈ પટેલની મુળ આઈ.ડી.નં.૩૫૮,તા.૦૨/૦૮/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૩૫૮,તા.૦૫/૦૮/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૧૯૭ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતી માટે નિયત નમુના –ઘ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૮૬,તા. ૧૮/૦૮/૨૦૨૫ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે તેમજ અત્રેના વિભાગને લાગત માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૩૧ તા.૩૦/૦૮/૨૦૨૫ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૭૬,તા.૩૦/૦૯/૨૦૨૫ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે જે તા. ૩૦/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં. ૧૪૮૪ થી નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " જાહેર માહિતી અધિકારીના તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજના નિર્ણયથી નારાજ હોવાથી" એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં "સુરત મહાનગરપાલિકા હસ્તકની સુમન માધ્યમિક શાળાઓમાં જુદા જુદા માધ્યમ માટે જુદા જુદા વિષય માટે શિક્ષણ સહાયકની ભરતી અન્વયે અન્ય ઉમેદવારોની પસંદગી અંગે અરજીની માહિતીની માંગણી" કરવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના વિભાગને લાગત માહિતી માટે પત્ર નં.જીએડી/ઈએસટી/આર /૫૩૧,તા.૩૦/૦૮/૨૦૨૫ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬,૯,તા.૦૬/૧૦/૨૦૨૫ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૫૭,તા.૦૭/૧૦/૨૦૨૫ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં

તેઓના જણાવ્યા મુજબ તા.૦૨/૦૮/૨૦૨૫ની આઈ.ડી.નં.૩૫૮ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત માહિતી " મુદ્દા નં.૨ શિક્ષણ સહાયકની ભરતીમાં પસંદગી પામેલ ઉમેદવાર પૈકી મેઘના ઠાકોરભાઈ પટેલનું ફાઈનલ મેરીટ ગુજરાતી માધ્યમમાં ૫૮.૫૪% અને હિન્દી માધ્યમમાં ૬૦.૪૩% બતાવવામાં આવેલ છે. જેમાં વિસંગતતા હોય આ બન્ને મેરીટો જે આધાર ઉપર બનાવવામાં આવ્યા હોય તેની વિગતો તથા પુરાવાઓ આપવા વિનંતી છે.વધુમાં આ ઉમેદવારનું મેરીટ ૨ –૩ રાઉન્ડ સુધી ૫૮.૫૪% જ રહેલ હતુ તો તે સમયે સુધારવાની પ્રોસેસ કરવામાં આવેલ ન હતી તો છેલ્લા ફાઈનલ મેરીટમાં જ કેમ સુધારો કરવામાં આવ્યો? જેના આધારે સુધારો કરવામાં આવ્યો તેની યાદી તથા તે અંગે થયેલ તમામ વહીવટી કાગળો અંગે માહિતી માંગવામાં આવેલ જે બાબતે મેઘના ઠાકોરભાઈ પટેલનું ફાયનલ મેરીટ ગુજરાતી માધ્યમમાં ૫૮.૫૪ છે. જે ગુજરાતી માધ્યમમાં ટાટના મેળવેલ ગુણના અધારે મેરીટ છે. જયારે હિન્દી માધ્મમાં PML–૨ પ્રસિધ્ધ કર્યા બાદ ઉમેદવારે વાંધા અરજીમાં હિન્દી માધ્યમનુ TAT રજુ કરવામાં આવેલ હોય હિન્દી માધ્યમના TAT માં રજુ કરવામાં આવેલ ગુણ મુજબ મેરીટ ૬૦.૪૩ છે. મુદ્દા નં.૩ માંગવામાં આવેલ માહિતી પૈકી અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી ગુજરાતી માધ્યમાં અંગ્રેજી ભાષાનું મેઘના ઠાકોરભાઈ પટેલનું અરજી ફોર્મ ક્રમાંક૧૮૭૫/૧૩૧૨૨૧/૬૧૬/ ૦૯૫૯૩૬ ની પ્રમાણિત નકલની માંગણી કરવામાં આવેલ જે માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબધ હોવાનુ જણાતુ ન હોય, પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી વ્યકિતની અંગત માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. " એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૬૫૮,તા.૦૭/૧૦/૨૦૨૫ થી અરજદારશ્રીને તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીને સુનાવણી દરમ્યાન અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સમક્ષ " નમુના –કની અરજીમાં માગવામાં આવેલ મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી બાબતે શિક્ષણ સહાયકની ભરતી અન્વયે ઉમેદવાર મેઘના ઠાકોરભાઈ પટેલ ધ્વારા જુદા જુદા વર્ષમાં આપવામાં આવેલ TAT પરીક્ષાની માર્કશીટ બતાવવામાં આવેલ છે અને અરજદારશ્રીને સદર ઉમેદવારની મેરીટ બાબતે જે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે જેનો અરજદારશ્રીને સંતોષ છે." એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રીની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી અમિતકુમાર ઈશ્વરભાઈ પટેલની તા.૩૦/૦૯/૨૦૨૫ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૩૦ /૦૯/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રીને તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જે મુજબ અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીને નમુના –કની અરજીમાં માગવામાં આવેલ મુદ્દા નં. ૨ અને ૩ ની માહિતી બાબતે શિક્ષણ સહાયકની ભરતી અન્વયે ઉમેદવાર મેઘના ઠાકોરભાઈ પટેલ ધ્વારા જુદા જુદા વર્ષમાં આપવામાં આવેલ TAT પરીક્ષાની માર્કશીટ બતાવવામાં આવેલ છે અને અરજદારશ્રીને સદર ઉમેદવારની મેરીટ બાબતે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે જેનો અરજદારશ્રીને સંતોષ છે. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૬૮૭
સુરત. તા.૧૪/૧૦/૨૦૨૫

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી અમિતકુમાર ઈશ્વરભાઈ પટેલ પ્રતિ..... જાણ માટે.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૬/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી વિશાલ વિજયભાઈ ધુંગરા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી વિશાલભાઈ વિજયભાઈ ધુંગરાની તા.૧૨/૧૨/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૬૧૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૩/૦૨/૨૦૨૬ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૬.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૨,તા.૦૯/૦૨/૨૦૨૬.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૫, તા.૧૦/૦૨/૨૦૨૬.

અરજદાર શ્રી વિશાલભાઈ વિજયભાઈ ધુંગરાની મુળ આઈ.ડી.નં.૬૧૭,તા.૧૨/૧૨/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૬૧૭,તા.૧૩/૧૨/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૦૨૭ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૯૫, તા.૦૫/૦૧/૨૦૨૬ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૧૦૯,તા.૦૩/૦૨/૨૦૨૬ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે, જે તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૩૮૦ નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે "નમુના –કની અરજી સદર કર્યાના ૩૦ દિવસની અંદર નિર્ણય મળેલ નથી. જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી અને માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતી અપુરતી અને અધુરી છે. માંગવામાં આવેલ માહિતી આપવા પાત્ર હોવા છતાં ઠરાવની નકલ આપવાને ફકત લેખિતમાં જવાબ આપેલ છે." એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત ફોર્મ રદ કરવા અંગે થયેલ ઠરાવની માહિતીની માંગણી કરવામાં આવેલ " જે સંદર્ભે પત્ર નં.જીએડી/ઈએસટી/આર /૮૯૫,તા.૦૫/૦૧/૨૦૨૬ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૧૨,તા.૦૯/૦૨/૨૦૨૬ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૫,તા.૧૦/૦૨/૨૦૨૬ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં

તેઓના જણાવ્યા મુજબ તા.૧૨/૧૨/૨૦૨૫ની આઈ.ડી.નં.૬૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી " મુદ્દા નં.૧ માં સુરત મહાનગરપાલિકાનાં સામાન્ય સભા ઠરાવ નં. ૧૩૩ તા. ૨૬/૦૭/૮૪ તથા સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૫, તા. ૦૬/૦૫/૯૩ થી ચોથા વર્ગમાં કામ કરતા પટાવાળા,બેલદાર,સફાઈ કામદાર,મુકાદમ,સીકયુરીટી ગાર્ડ વિગેરે કર્મચારીઓ ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાઓ પુરાવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવનાર યોગ્ય ઉમેદવારો પાસે સુરત મહાનગપાલિકાની વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી મંગાવામાં આવેલ, જે મુજબ હમો અરજદારે ઓનલાઈન અરજી ફોર્મ ભરેલ. હમો અરજદારની અરજી હમો અરજદાર ફોર્મ ભર્યુ તે સમયે હમો અરજદારના ગ્રેજયુએશનને એક વર્ષ પુર્ણ થયેલ નથી. તેવા કારણોસર હમો અરજદારનું ફોર્મ રદ કરવામાં આવેલ છે. જેથી હમો અજરદારનું ફોર્મ રદ કરવા અંગે ગ્રેજયુએશન બાદ એક વર્ષ પુર્ણ થયેલુ હોવુ જોઈએ એવા નિયમ અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ઠરાવ કરવામાં આવેલ હોય યા નિયમ નકકી કરવામાં આવેલ હોય તે અંગેની માંગણી કરવામાં આવેલ માહિતી બાબતે વર્ગ ૪ માંથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિપત્ર તથા પૂરક પરિપત્રમાં દર્શાવેલ લાયકાતમાં એક વર્ષનો અનુભવ માંગવામાં આવેલ છે. જે અનુભવ લાયકાતનો જ ભાગ હોય,શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવે છે. " એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૧૦૧૯,તા.૧૦/૦૨/૨૦૨૬ થી અરજદારશ્રીને તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૧:૩૦ કલાકે હાજર રહેલ છે. પર્સોનેલ ઓફિસર(આર) સમક્ષ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ હોવો જોઈએ એ પૂરક જાહેરાતમાં જણાવેલ નથી તો સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ ન હોવાને લીધે અરજદારની અરજી અમાન્ય કરવા અંગેની રજુઆત કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રીને ભરતી પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે અને તેઓને સાધારણ સભાના ઠરાવ નં.૫૫૫/૨૦૨૪ ની નકલ પુરી પાડવામાં આવેલ છે. અરજદારશ્રીને અનુભવ બાબતે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે." એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રીની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિશાલ વિજયભાઈ ધુંગરાની તા.૦૩/૦૨/૨૦૨૬ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૪ /૦૨/૨૦૨૬ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદાર તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ સુનાવણીના પત્ર સંબધે સવારે ૧૧:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેલ છે. અરજદારે ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ હોવો જોઈએ એ પૂરક જાહેરાતમાં જણાવેલ નથી તો સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ ન હોવાને લીધે અરજદારની અરજી અમાન્ય કરવા અંગેની રજુઆત કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રીને ભરતી પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે અને સાધારણ સભાના ઠરાવ નં.૫૫૫/૨૦૨૪ ની નકલ પુરી પાડવામાં આવેલ છે. ઉપરાંત, અરજદારશ્રીને ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત બાબતે વિસંગતતા જણાવેલ,વર્ગ–૪ની કેડરમાંથી ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત અલગ હોવા બાબતે રજુઆત કરેલ,પરંતુ લાયકાત નિયત કરવા/સુધારો કરવા અંગેની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા થતી હોવાનું અરજદારને જણાવેલ છે. અરજદારશ્રીને અનુભવ બાબતે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૦૬૯
સુરત. તા.૨૩/૦૨/૨૦૨૬

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી વિશાલ વિજયભાઈ ધુંગરા પ્રતિ......જાણ માટે.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
મુગલીસરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૭/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી કોમલ ભૂપેન્દ્રભાઈ પટેલ
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી કોમલ ભૂપેન્દ્રભાઈ પટેલની તા.૧૫/૧૨/૨૦૨૫ મુળ અરજી આઈ.ડી.નં.૬૨૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૦૩/૦૨/૨૦૨૬ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૭.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૧,તા.૦૯/૦૨/૨૦૨૬.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૬, તા.૧૦/૦૨/૨૦૨૬.

અરજદાર શ્રી કોમલ ભૂપેન્દ્રભાઈ પટેલની મુળ આઈ.ડી.નં.૬૨૬,તા.૧૫/૧૨/૨૦૨૫ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૬૨૬,તા.૧૬/૧૨/૨૦૨૫ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૦૭૯ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૯૬,તા.૦૫/૦૧/૨૦૨૬ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે પત્ર નં. સી.સી.સી./સે.ઝોન/આઉટ/૧૦૮,તા.૦૩/૦૨/૨૦૨૬ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે, જે તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૩૮૧ નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " નમુના –કની અરજી બાબતે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત ફોર્મ રદ કરવા અંગે થયેલ ઠરાવની માહિતીની માંગણી કરવામાં આવેલ " કરવામાં આવેલ, જે સંદર્ભે પત્ર નં.જીએડી/ઈએસટી/આર /૮૯૫,તા.૦૫/૦૧/૨૦૨૬ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૧૧,તા.૦૯/૦૨/૨૦૨૬ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૬,તા.૧૦/૦૨/૨૦૨૬ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૧૫/૧૨/૨૦૨૫ની આઈ.ડી.નં.૬૨૬ અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીમાં " મુદ્દા–૩ માં માંગવામાં આવેલ માહિતી બાબતે સુરત મહાનગરપાલિકામાં જુદી જુદી કેડરોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે જે અન્વયે જુદી જુદી કેડર વાઈસ ડોકયુમેન્ટ ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા

બાદ ભરતી પ્રક્રિયાના નિયમોમાં ફેરફાર કરવામાં આવતા નથી જેથી તેવા કોઈ પરિપત્ર રેકર્ડ પર ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૪ માં માંગવામાં આવેલ માહિતી બાબતે વર્ગ ૪ માંથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિપત્ર તથા પૂરક પરિપત્રમાં દર્શાવેલ લાયકાતમાં એક વર્ષનો અનુભવ માંગવામાં આવેલ છે. જે અનુભવ લાયકાતનો જ ભાગ હોય,શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવે છે. મુદ્દા નં.૫ થી ૮ માં માંગવામાં આવેલ માહિતી રેકર્ડ આધારિત નહી પરંતુ રજુઆત સમાન હોવાનું જણાય છે જેથી માહિતી નીલ છે" એમ જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે અત્રેના પત્ર ક્રમાંક : જીએડી/ઈએસટી/આર/૧૦૧૮,તા.૧૦/૦૨/૨૦૨૬ થી અરજદારશ્રીને તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને અરજદારશ્રી સવારે ૧૨:૩૦ કલાકે હાજર રહેલ છે. પર્સોનેલ ઓફિસર(આર) સમક્ષ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ હોવો જોઈએ એ પૂરક જાહેરાતમાં જણાવેલ નથી તો સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ ન હોવાને લીધે અરજદારની અરજી અમાન્ય કરવા અંગેની રજુઆત કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રીને ભરતી પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે અને તેઓને સાધારણ સભાના ઠરાવ નં.૫૫૫/૨૦૨૪ની નકલ પુરી પાડવામાં આવેલ છે. અરજદારશ્રીને અનુભવ બાબતે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે." એમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારશ્રીની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં અરજી અન્વયે સુનાવણીમાં અરજદારે કરેલી રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. અરજદારશ્રી કોમલ ભૂપેન્દ્રભાઈ પટેલની તા.૦૩/૦૨/૨૦૨૬ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૦૪ /૦૨/૨૦૨૬ ના રોજ મળેલ છે. સદર અપીલ અન્વયે અરજદારશ્રીને તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ સુનાવણીના પત્ર સંબધે બપોરે ૧૨:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ જે મુજબ અરજદારશ્રી સવારે ૧૨:૩૦ કલાકે હાજર રહેલ છે. અરજદારશ્રીએ ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ હોવો જોઈએ એ પૂરક જાહેરાતમાં જણાવેલ નથી તો સ્નાતક બાદનો ૧ વર્ષનો અનુભવ ન હોવાને લીધે અરજદારની અરજી અમાન્ય કરવા અંગેની રજુઆત કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રીને ભરતી પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવેલ છે અને સાધારણ સભાના ઠરાવ નં.૫૫૫/૨૦૨૪ની નકલ પુરી પાડવામાં આવેલ છે. ઉપરાંત, અરજદારશ્રીને ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત બાબતે વિસંગતતા જણાયેલ,વર્ગ–૪ની કેડરમાંથી ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી માટેની લાયકાત અલગ હોવા બાબતે રજુઆત કરેલ,પરંતુ લાયકાત નિયત કરવા/સુધારો કરવા અંગેની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા થતી હોવાનુ અરજદારને જણાવેલ છે.અરજદારશ્રીને અનુભવ બાબતે વિસંગતતા હતી તેની સમજ આપવામાં આવેલ છે. આમ સદર પ્રથમ અપીલ અરજી અન્વયે વધુ કાંઈ કરવાનું રહેતુ ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૧૦૬૮
સુરત. તા.૨૩/૦૨/૨૦૨૬

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી કોમલ ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રતિ..જાણ માટે.

ધવલ આર.મોદી
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)

રીક્રુટમેન્ટ વિભાગ
સુરત મહાનગરપાલિકા
નવી એનેક્ષી બિલ્ડીંગ,પાંચમો માળ,
એલ.આઈ.સી.ઓફિસની સામે,
તાપીપુરા, સુરત.૩૯૫૦૦૩.
ટેલીફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૦ થી ૫૬ Ext. ૨૬૦

**અપીલ અરજી નં. ૦૮/૨૦૨૫–૨૬**

**અરજદાર :–** શ્રી જયદિપસિંહ સતીષભાઈ ઠાકોર
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષયઃ– અરજદાર શ્રી જયદિપસિંહ સતીષભાઈ ઠાકોરની તા.૨૮/૦૧/૨૦૨૬ મુળ અરજી આઈ.ડી.નં.૭૪૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– (૧) અરજદારશ્રીની તા.૧૭/૦૩/૨૦૨૬ ની અપીલ અરજી અત્રેના વિભાગમાં તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મળેલ અપીલ અરજી નં.૦૮.
(૨) અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે અપીલ અધિકારીશ્રીનો પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૮૬,તા.૨૭/૦૩/૨૦૨૬.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અરજી અન્વયે આપવામાં આવેલ પૂર્તતા અહેવાલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૯૦, તા.૨૭/૦૩/૨૦૨૬.

અરજદાર શ્રી જયદિપસિંહ સતીષભાઈ ઠાકોરની મુળ આઈ.ડી.નં.૭૪૨,તા.૨૮/૦૧/૨૦૨૬ જાહેર માહિતી અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને સંબોધીને તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.ઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૭૪૨,તા.૩૦/૦૧/૨૦૨૬ થી અત્રે (રીક્રુટમેન્ટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેના વિભાગને તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૩૫૦ થી નોંધાયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજીમાં માંગવામાં આવેલ માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૬૦,૧૦૬૧,તા.૨૦/૦૨/૨૦૨૬ અને જીએડી/ ઈએસટી/આર/૧૦૮૫,તા.૨૬/૦૨/૨૦૨૬ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. સદર અરજદારે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે,જે પત્ર નં. સી.સી.સી. /સે.ઝોન/આઉટ/૧૨૪,તા.૧૮/૦૩/૨૦૨૬ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે, જે તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મળેલ છે. ઈનવર્ડ નં.૨૬૯૪ નોંધાયેલ છે. જેમાં તેઓએ અપીલ તબક્કે " નમુના –કની અરજી બાબતે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી " એમ જણાવેલ છે.

અરજદારશ્રી ધ્વારા મૂળ અરજીમાં " સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ વર્ગ –૪ માંથી ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી પ્રક્રિયા અંતર્ગત ફોર્મ રદ કરવા અંગે થયેલ ઠરાવની માહિતીની માંગણી કરવામાં આવેલ " કરવામાં આવેલ, જે સંદર્ભે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૬૦,૧૦૬૧,તા.૨૦/૦૨/૨૦૨૬ અને જીએડી/ઈએસટી/આર/ ૧૦૮૫,તા.૨૬/૦૨/૨૦૨૬ થી પૂર્તતા પાઠવેલ.

અરજદારશ્રીની ઉપરોકત પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૧૮૬,તા.૨૭/૦૩/૨૦૨૬ થી પ્રથમ અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ, જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૯૦,તા.૨૭/૦૩/૨૦૨૬ થી જરૂરી પૂર્તતા અહેવાલ મોકલાવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ તા.૨૮/૦૧/૨૦૨૬ની આઈ.ડી.નં.૭૪૨ અન્વયે અરજદારશ્રી ધ્વારા

માંગવામાં આવેલ માહિતીમાં " મુદ્દા–૧ માં માંગવામાં આવેલ માહિતી બાબતે સુરત મહાનગરપાલિકામાં જુદી જુદી કેડરોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે –તે કેડરોની ભરતી પ્રક્રિયામાં જે– તે કેડરની જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત મુજબ ભરતી કરવામાં આવે છે. ત્રીજી શ્રેણી કલાર્કની નવી સુધારેલી લાયકાત મુજબ વહીવટી કામગીરીનો ૧ વર્ષનો અનુભવ ફરજિયાત છે જે ઠરાવની નકલ પાના નંગ–૬ પાના દીઠ–૨/– કુલ રૂ.૧૨/–(અંકે બાર રૂપિયા પુરા)ભર્યેથી સંદર્ભ મેળવી શકાશે. મુદ્દા નં.૨ થી ૫ માં માંગવામાં આવેલ માહિતી બાબતે માહિતી રેકર્ડ આધારિત નહી પરંતુ પ્રશ્ન પુછવા સમાન/અભિપ્રાય/રજુઆત સમાન માહિતી માંગવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી સદર માહિતી આર.ટી. આઈ એકટ અન્વયે પુરી પાડી શકાય નહી. એમ જણાવવામા આવેલ છે. સદર માહિતી દસ્તાવેજોના ચાર્જીસ માટે જણાવેલ પત્ર સંબંધે અરજદારશ્રી ધ્વારા ચાર્જીસ જમા કરવામાં આવેલ હોય, જેના અનુસંધાને અત્રેથી જીએડી/ઈએસટી/આર/૧૦૮૫,તા. ૨૬/૦૨/૨૦૨૬ થી માહિતી/દસ્તાવેજ પાના નંગ–૧૨ પુરા પાડવામાં આવેલ છે." એમ જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની નમુના–ક ની અરજી, અપીલમાં અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી પાસે મેળવેલ પૂર્તતાને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જયદિપસિંહ સતીષભાઈ ઠાકોરની તા.૧૭/૦૩/૨૦૨૬ની પ્રથમ અપીલ અત્રેના ખાતાને તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ મળેલ છે. મુળ અરજીમાં માંગવામાં આવેલ માહિતી બાબતે વર્ગ–૪ માંથી ત્રીજી શ્રેણી કલાર્કની પરિપત્ર ધ્વારા આપવામાં આવેલ જાહેરાતમાં જણાવેલ નવી સુધારેલી શૈક્ષણિક લાયકાત મુજબ વહીવટી કામગીરીનો ૧ વર્ષનો અનુભવ ફરજિયાત છે, જે માહિતી/દસ્તાવેજો અત્રેથી પુરા પાડવામાં આવેલ છે.આમ, સદર અપીલ અરજી ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આર) ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.આમ ઉકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ(આર) કક્ષાએથી સદર અપીલ અરજી અંગે અપીલનું કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય, જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં. જીએડી/ઈએસટી/આર/૩૫
સુરત. તા.૦૬/૦૪/૨૦૨૬

( ધવલ આર.મોદી)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(આર.)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)...............જાણ માટે.
(૨) શ્રી જયદિપસિંહ સતીષભાઈ ઠાકોર પ્રતિ........જાણ માટે.